ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લામાં તલાટીની પરીક્ષામાં ૭૦ ટકા હાજરી

## શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયેલ પરીક્ષાથી તંત્રએ રાહતનો દમ લીધો : જુનિ. ક્લાર્ક કરતાં આ પરીક્ષામાં પરીક્ષાર્થીઓની હાજરી વધી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા યોજાયેલ તલાટી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા સંપન્ન થતાં તંત્રએ રાહતનો દમ લીધો છે.

છેલ્લા કેટલાક દિવસોથી આ અંગે તૈયારીઓ તંત્ર દ્વારા કરવામાં આવી રહી હતી. આજે આ પરીક્ષામાં જિલ્લામાં નોંધાયેલ ૩૬૦૬૦ પરીક્ષાર્થીઓમાંથી ૨૫,૧૬૯ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા. અર્થાત આ પરીક્ષામાં ૬૯.૭૯ ટકા પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી છે. જુનિ. ક્લાર્કની પરીક્ષા કરતાં આ પરીક્ષામાં પરીક્ષાર્થીઓની હાજરીમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

આજે આ સ્પર્ધાત્મક પરીક્ષામાં પરીક્ષાર્થીના બે થમ્બ પણ લેવામાં આવ્યા હતા. પરીક્ષા માટે ગઈકાલે પણ તંત્રએ નિયત કરાયેલ પરીક્ષા કેન્દ્રોની ચકાસણી કરી હતી.

આજે સવારે ૯.૩૦ વાગે જિલ્લા પંચાયતના કંટ્રોલરૂમમાંથી પરીક્ષા માટે નિયત કરાયેલ ૨૬ રૂટો પર સુપરવાઈઝર અને પોલીસ સાથે પ્રશ્નપત્રો રવાના કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. કંટ્રોલરૂમ ખાતે જિલ્લા કલેક્ટર હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ ઉપસ્થિત રહ્યા હતા.

આજની આ પરીક્ષામાં પ્રશ્નપત્ર સરળ નીકળ્યુ હોવાથી પરીક્ષા બાદ પરીક્ષાર્થીઓ પણ ખુશખુશાલ જણાતા હતા. પ્રશ્નપત્ર સરળ નીકળ્યુ હોવાથી મેરીટ ઊંચુ જવાના સંકેતો પણ પરીક્ષાર્થીઓની ચર્ચાનો મુદ્દો હતો.

આજે યોજાયેલ આ પરીક્ષામાં પંચાયતી રાજ વ્યવસ્થા સહિતના ઘણા બધા પ્રશ્નો પુછાયા હતા. જો કે પેપર થોડુક લાંબુ પણ કેટલાંક પરીક્ષાર્થીઓને લાગ્યુ હતુ.

પરીક્ષાખંડમાં પ્રવેશ મેળવતા પહેલાં બોડીવોર્ન કેમેરાથી પરીક્ષાર્થીઓની સ્કુટીની થઈ હતી એટલુ જ નહિ પરીક્ષાર્થીઓ તેમના બુટ ચંપલ પણ બહાર ઉતારીને પરીક્ષાખંડમાં પ્રવેશ્યા હતા.

આજની આ પરીક્ષામાં સીસીટીવી, પરીક્ષાખંડ સુપરવાઈઝર, કેન્દ્ર સંચાલક, બોર્ડના પ્રતિનિધિ તેમજ ફ્લાઈંગ સ્કવોડના અધિકારીઓએ કડક નજર રાખી હતી.

સતત બીજી સ્પર્ધાત્મક પરીક્ષામાં તંત્રના અધિકારીઓ જાતે મેદાનમાં આવતાં પરીક્ષાર્થીઓની હાજરીમાં પણ સુધારો જોવા મળ્યો હતો. પરીક્ષાર્થીઓમાં તટસ્થતાનો વિશ્વાસ સંપાદન કરવામાં બોર્ડ સફળ રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર




## પંચાયત સેવા પસંદગી મંડળના ચેરમેન હસમુખભાઈ પટેલે ગાંધીનગરના કેન્દ્રોની મુલાકાત લીધી

### જૂનમાં પરિણામ જાહેર કરવાના સંકેતો આપ્યા

ગાંધીનગર, તા. ૭

પંચાયત સેવા પસંદગી મંડળના ચેરમેન હસમુખભાઈ પટેલ આજે ગાંધીનગર શહેરમાં કડી કેમ્પસમાં આવેલા પરીક્ષા કેન્દ્રો, સે. ૨૩ની ગુરૂકુળ સ્કૂલમાં આવેલ પરીક્ષા કેન્દ્રો તેમજ સે. ૧૨ની શાળામાંના પરીક્ષા કેન્દ્રોની મુલાકાતે પહોંચ્યા હતા.

ચેરમેન હસમુખભાઈ પટેલે મુલાકાત દરમ્યાન તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારીઓની સમીક્ષા કરી હતી તેમજ પરીક્ષાર્થીઓને નિર્ભયતા સાથે પરીક્ષા આપવા કહ્યુ હતુ. તેમણે પરીક્ષાર્થીઓને તકલીફ ના પડે તે જોવા પણ કેટલીક સૂચનાઓ આપી હતી. બોર્ડના ચેરમેન હસમુખભાઈ પટેલે આ સ્પર્ધાત્મક પરીક્ષાનું પરિણામ જૂન મહિનામાં જાહેર કરવામાં આવે તેવા સંકેતો આપ્યા હતા.

તેમણે તંત્ર દ્વારા કરાયેલી તૈયારીઓને પણ બિરદાવી હતી. જો કે આજની પરીક્ષામાં લગ્નસરાની મોસમ અને વેકેશનને લઈ ટ્રાફિક જામના દશ્યો કેટલાક સ્થાનો પર જોવા મળ્યા હતા.

## પરીક્ષાની સાથે સાથે

### ● પરીક્ષાર્થી સાથે પરિવાર સુરત પહોંચ્યો

ગાંધીનગરની ધરા પરમારનો તલાટીની પરીક્ષામાં સુરત મજુરા ગેટના એક કેન્દ્ર પર નંબર આવ્યો હતો. તેણીની પરીક્ષાને લઈ આખે આખો પરિવાર તેની સાથે રાત્રે પ્રવાસ કરી સુરત પહોંચ્યો હતો. જેમાં ધરાના નાની, તેના બનેવી, તેની માસી અને તેમના બાળકો પરીક્ષા કેન્દ્ર પર પહોંચ્યા હતા. આખો પરિવાર વેકેશનમાં પિકનીક માણવા જતો હોય તેવો ઉત્સાહ હતો. ધરા આ પરીક્ષા માટે છેલ્લા બે વર્ષથી તૈયારી કરતી હતી. ધરા સાથે પરિવારના ૧૨ સભ્યો પરીક્ષા કેન્દ્ર ખાતે પહોંચ્યા હતા. સુરત જતા પૂર્વે પરિવારના સભ્યો વટવા ભેગા થયા હતા અને ટ્રેઈન મારફતે સુરત પહોંચ્યા હતા.

### ● પાટણ પોલીસની સરાહનીય સેવા

ગાંધીનગરથી તલાટીપની પરીક્ષા આપવા પહોંચેલી વિદ્યાર્થીની તેના ડોક્યુમેન્ટ ભુલી ગઈ હતી. આ સમયે ફરજ પરના પોલીસ કર્મીઓએ તાબડતોબ ડોક્યુમેન્ટ અપાવીને કાબિલે તારિફ કામ કર્યુ છે. જે ખરેખર અભિનંદનીય છે. કોમલ નામની વિદ્યાર્થીની ડોક્યુમેન્ટ ભુલી ગઈ હતી. એમ.એન. હાઈસ્કૂલ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતા સમયે ડોક્યુમેન્ટ ન મળતાં તે ગભરાઈ ગઈ હતી. આ સમયે પાટણ પોલીસ તેની વ્હારે આવી હતી. આ પછી પોલીસે આ દિકરીને સાયબર કાફેમાં લઈ જઈ તાબડતોબ ડોક્યુમેન્ટ કઢાવી આપ્યા હતા.

### ● પિતા-પુત્રી પરીક્ષા માટે વડોદરા પહોંચ્યા

ગાંધીનગરના વાવોલ ગામે રહેતી એક પરીક્ષાર્થી આજે વહેલી સવારે પિતાની સાથે ગાડી લઈ વડોદરા પરીક્ષા આપવા પહોંચી હતી.

# જિલ્લામાં એક વર્ષમાં ૨૫,૦૯૬ને કૂતરાઓ કરડ્યા

## વર્ષ દરમ્યાન શહેરમાં સર્પ દંશની ૨૦૨ ઘટનાઓ નોંધાઈ છે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૧લી એપ્રિલથી ૩૧ માર્ચ-૨૦૨૩ના સમયગાળામાં ૨૫,૦૯૬ લોકોને કૂતરા કરડ્યા છે.

શહેર-જિલ્લામાં કૂતરા કરડવાની ઘટનાઓમાં વધારો થવા પામ્યો છે. જો કે આટલી ઘટનાઓ પછી પણ કોઈ જાનહાનિની ઘટના સામે આવી નથી.

શહેરમાં ૫૨૨૨ લોકોને આ સમયગાળામાં કૂતરા કરડ્યા હોવાની વિગતો જાણવા મળી છે. તો ગ્રામ્ય વિસ્તારમાં ૧૯,૮૭૪ લોકોને કૂતરા કરડ્યા હોવાનું નોંધાયુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં કૂતરા કરડવાની સૌથી વધુ ઘટનાઓ દહેગામ તાલુકામાં નોંધાઈ છે. જે લગભગ ૯ હજારથી વધુ છે. આ પછી ગાંધીનગર તાલુકો આવે છે જ્યાં ૪ હજાર જેટલી ઘટનાઓ નોંધાઈ છે.

કૂતરા કરડવાની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે તે પણ હકીકત છે અને એટલે જ ભારત સરકારે નેશનલ રેબીસ કંટ્રોલ કાર્યક્રમ અમલી બનાવ્યો છે.

આ કાર્યક્રમ અંતર્ગત દરેક જિલ્લામાં એન્ટી રેબીસ ક્લીનીક શરૂ કરવામાં આવ્યા છે.

તબીબી વર્તુળોમાંથી મળતી વિગતો પ્રમાણે આ ઘટનાઓને પણ ત્રણ વર્ગમાં વિભાજીત કરવામાં આવતી હોય છે. જેમાં ત્રીજા વર્ગની ઘટનામાં હડકવા થવાના ચાન્સીસ હોય છે. હડકવાને નાથવાની દવા નથી.

ગાંધીનગર શહેર-જિલ્લામાં અગાઉના વર્ષની સરખામણીમાં કૂતરા કરડવાની ઘટનામાં વધારો થયાની વાતો તંત્રના સૂત્રોમાંથી જાણવા મળી છે.

ગાંધીનગર જિલ્લામાં શેરીના રખડતા અને પાલતુ કૂતરાઓની વસ્તી પણ છે.

દરમ્યાન ગાંધીનગર શહેરમાં કૂતરા સિવાય અન્ય પ્રાણીઓ કરડવાની ઘટના ૨૪ નોંધાઈ છે. તો ગાંધીનગર શહેરમાં ૨૦૨ જેટલી ઘટનાઓ સર્પ દંશની પણ નોંધાઈ છે.

શહેરમાં રખડતાં કૂતરાની સમસ્યાની ફરિયાદ વારંવાર ઉઠવા પામી છે. લડતા કૂતરાઓ જ્યારે દ્વિચક્રી વાહનચાલકોની સામે આવી જાય છે ત્યારે વાહન ચાલક સમતુલન ગુમાવી દેતા હોય છે અને અકસ્માતનો ભોગ પણ બને છે.

# શહેરમાં તડકો આકરો બનતા મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચ્યુ

## માવઠાની અસર દૂર થયા બાદ ધીમે ધીમે મહત્તમ તાપમાન ઉંચકાઈ રહ્યુ છે : જ્યારે લઘુત્તમ તાપમાન વધતા રાત્રે બફારો અનુભવાયો

ગાંધીનગર, તા. ૭

માવઠાની અસર દૂર થયા બાદ અને વાદળો વિખેરાયા બાદ છેલ્લા બે દિવસથી ધીમે ધીમે ગરમીમાં વધારો થઈ રહ્યો છે. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની ઉપર પહોંચી ગયુ છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી દિવસોમાં રાજ્યમાં ભીષણ ગરમી પડવાની સંભાવનાઓ છે અને મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોંચી શકે છે.

ગાંધીનગર શહેરમાં ધીમે ધીમે ગરમી તેનુ આકરૂ સ્વરૂપ બતાવી રહી છે. ગયા અઠવાડિયે માવઠાની અસરના કારણે મહત્તમ તાપમાન ગગડ્યુ હતુ અને ઘણા દિવસો સુધી તે ૩૫ થી ૩૬ ડિ.સે.ની વચ્ચે રહ્યુ હતુ. ગયા અઠવાડિયે બે થી ત્રણવાર કમોસમી વરસાદ પણ પડ્યો હતો. જો કે છેલ્લા બે દિવસથી માવઠાની અસર ઓછી થઈ રહી છે. અને આકાશમાંથી જાણે અંગારા વરસતા હોય તેમ આકરો તડકો પડી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# નીટની પરીક્ષાના પ્રશ્નપત્રો પાઠય પુસ્તક આધારિત અને સરળ

## વિદ્યાર્થીઓમાં હર્ષની લાગણી : ભૌતિક વિજ્ઞાનમાં બે ત્રણ પ્રશ્નો ગણતરી વધુ માંગી લે તેવા હતા : બલવંતસિંહ રાજપુત : વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારર્કિદી માટે મહત્વની પરીક્ષા સરળ રહેતા વિદ્યાર્થીઓમાં રાહત : અજયસિંહ રાજપુત

ગાંધીનગર તા ૭

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે મેડિકલમાં પ્રવેશ માટે આજે લેવાયેલી નીટની પરીક્ષા શાંતિપુર્ણ રીતે સંપન્ન થઈ હતી. પરીક્ષાને અનુલક્ષી વિવિધ સાત કેન્દ્રો પર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી જયારે ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન સહીતના પેપરો પાઠયપુસ્તક આધારિત અને એકંદરે સરળ પ્રશ્નો ધરાવતા હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હર્ષની લાગણી વ્યાપી હતી.

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને મેડિકલમાં પ્રવેશને અનુલક્ષી આજે નીટની પરીક્ષા યોજવામાં આવી હતી ગાંધીનર જિલ્લામાં આ પરીક્ષાને અનુલક્ષીને વિવિધ ૭ પરીક્ષા કેન્દ્રો પર કુલ ૧૩૫ બ્લોકમાં બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી જયારે કુલ ૩૦૭૩ વિદ્યાર્થીઓ માટે ગોઠવાયેલી આ બેઠક વ્યવસ્થાના અંતે શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષા સંપન્ન થઈ હતી. ગાંધીનગર જિલ્લામાંથી પણ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં ઉત્સાહભેર હાજરી આપી હતી. આ પરીક્ષામાં ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનમાં ૫૦ -૫૦ પ્રશ્નો પુછાયા હતા જયારે જીવવિજ્ઞાનમાં પ્રાણીશાસ્ત્ર અને વનસ્પિત શાસ્ત્રમાં કુલ ૧૦૦ પ્રશ્નોનો સમાવેશ કરાયો હતો. કિશોર ઈન્સ્ટિટયુટના વિષય નિષ્ણાંત બલવંતસિંહ રાજપુતએ આ અંગે જણાંવ્યુ હતુ કે ભૌતિક વિજ્ઞાનના પેપરમાં પ્રશ્નો સરળ રહ્યા હતા જયારે ત્રણ પ્રશ્નો ગણતરી કરવી પડે તેવા હતા. આ સિવાય મોટાભાગના પ્રશ્નો એન સી આર ટી ના પાઠયપુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર જવાબ લખ્યા હતા. જયારે વિષય નિષ્ણાંત એચ આર પંડયાએ જણાંવ્યુ હતુ કે ભૌતિક રસાયણ અને અકાર્બનિક રસાયણ પ્રશ્નો સરળ પુછાયા હતા. છતા ઓપ્શનમાં આપેલા એક કે એકથી વધુ સાચા જવાબોવાળા પ્રશ્નો વાંચવામાં વિદ્યાર્થીઓને વધુ સમય આપવો પડયો હતો.

જયારે કાર્બનિક રસાયણના પ્રશ્નો જ્ઞાનની ચકાસણી કરી લે તેવા હતા. જો કે બે વર્ષથી તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે પેપર સરળ અને સ્કોરીંગ કહી શકાય તેવુ હતુ. વિષય નિષ્ણાંત અજયસિંહ રાજપુતે જણાંવ્યુ હતુ કે જીવવિજ્ઞાનનુ પેપર એન સી આર ટી ના પાઠયપુસ્તક આધારિત હતુ જયારે પેપર સમયમર્યાદામાં પુર્ણ થઈ શકે તેવુ હોવાથી વિદ્યાર્થીઓ શૈક્ષણિક કારર્કિદી માટે મહત્વની કસોટી સરળ પુરવાર થઈ હતી. જેના લીધે વિદ્યાર્થીઓ અનો વાલીઓમાં હર્ષની લાગણી વ્યાપી હતી.

# શહેરની ગટરલાઈન માટે રોબોટનો લાઈવ ડેમો રજૂ



ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકાના અધિકારીઓ તથા જેન રોબોટિક્સના અધિકારીઓ સાથે હોલમાંથી તમામ પ્રકારનો કચરો કાઢનાર રોબોટનો લાઈવ ડેમો નિહાળ્યો હતો. સદર રોબોટ માર્ગ અને મકાન વિભાગને સાબરમતી ગેસના સીએસઆર ફંડમાંથી ફાળવવામાં આવ્યો હતો. ત્યારબાદ આ રોબોટ ગાંધીનગર મહાનગરપાલિકાને સુપ્રત કરવામાં આવ્યો હતો.

આ રોબોટ દ્વારા તમામ પ્રકારનો કચરો કાઢવા માટે કોઈપણ વ્યક્તિને મેન હોલમાં ઉતરવાની જરૂરિયાત રહેતી નથી તેમજ રોબટ દ્વારા સુવ્યવસ્થિત રીતે તમામ પ્રકારનો કચરો મેઈન હોલમાંથી કાઢવામાં આવે છે જેથી કોઈપણ જાતની અવ્યવસ્થા સર્જાતી નથી. મેઈન હોલમાંથી કચરો કાઢવા માટે એક રોબોટમાં, એક જનરેટર, એક કોમ્પ્રેસરની જરૂરિયાત છે. આ એક પોર્ટેબલ રોબોટ છે જેનું અંદાજિત વજન ૮૦ કિ.ગ્રા. છે જેને એક ટેમ્પોમાં જેવા નાના વાહનમાં લઈ જઈ શકાય છે. આ રોબોટના નીચેના ભાગે કેમેરો લાગેલ છે તથા ઉપરના ભાગે સ્ક્રીન આપેલ છે જેના દ્વારા ગંદકી નિહાળી શકાય છે, રોબોટમાં રહેલાં બકેટ દ્વારા ગંદકી ઉપાડવામાં આવે છે. રોબોટ ઓપરેટ કરવા માટે એક ઓપરેટર તથા એક લેબરની જરૂરિયાત રહે છે તેમજ પાંચ લીટર પેટ્રોલમાંથી આઠ કલાક કામગીરી કરી શકાય છે. આ રોબોટની કિંમત રૂ. ૪૦ લાખ છે.

# કલ્ચરલ ફોરમ આયોજિત નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજે ફાઈનલ મેચ

## ટેનિસ અને મેચિસ એમ બન્ને વિજેતા ટીમને રૂ એક એક લાખનુ ઇનામ અને ટ્રોફી એનાયત કરાશે : રનર્સ ટીમને પણ રૂ ૫૦ હજારના ઇનામ અને ટ્રોફીથી નવાજવામાં આવશે : મેન ઓફ ધ સીરીઝ, બેસ્ટ બેસ્ટમેન અને બોલરને પણ ઇનામો એનાયત કરાશે

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં સાંસ્કૃતિક વૃતિ પ્રેવૃતિને વેગ આપવાનુ કાર્ય કરતી કલાપ્રેમી સંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા નગરના કલાકારોને સ્ટેજ પુરુ પાડવામાં આવે છે. જયારે સંસ્થા દ્વારા આ વર્ષે નગરના ક્રિકેટ પ્રેમીઓને અનુલક્ષી રમતવીરોને મેદાન પુરુ પાડવાના ઉમદા આશય સાથે ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટનુ પણ આયોજન કર્યુ છે. હરિયાળા ક્રિકેટ મેદાનમાં રાત્રિના સમયે મેચિસ અને ટેનિસ બોલ પર ક્રિકેટ મેચ રમાડવામાં આવે છે. ખેલાડીઓની રમત નિહાળવા ક્રિકેટ પ્રેમી શ્રોતાઓમાં પણ વિશેષ ઉત્સાહનો માહોલ જોવા મળે છે.

કલ્ચરલ ફોરમ આયોજિત એકાર્થ જીસીએફ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ અંતર્ગત આજે ફાઈનલ મેચ યોજવામાં આવશે મેચિસ અને ટેનિસ એમ બન્ને સાંજે ૬ અને રાત્રિના ૧૦ કલાકે ટીમો માટે ફાઈનલ મેચ યોજાશે. જયારે આ બન્ને વિજેતા ટીમોને સંસ્થા દ્વારા રૂ એક-એક લાખનુ ઈનામ અને ટ્રોફી પણ એનાયત કરવામાં આવશે.




ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત એકાર્થ જીસીએફ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ અંતર્ગત આવતીકાલે તા ૮મે ના રોજ સાંજે ૬ કલાકે ફાઈનલ મેચ યોજવામાં આવશે. જેમાં સાંજના ૬ કલાકે સિઝન ટીમ માટે ફાઈનલ મેચનુ આયોજન કરાયુ છે. જયારે રાત્રિના ૧૦ કલાકે ટેનિસ બોલના ખેલાડીઓ ફાઈનલ મેચમાં ભાગ લેશે. સંસ્થા દ્વારા મેચિસ અને ટેનિસ આ બન્ને વિજેતા ટીમોને રૂપિયા એક, એક લાખનુ ઈનામ અને ટ્રોફી આપી નવાજવામાં આવશે. જયારે રનર્સ ટીમને પણ રૂ ૫૦ હજારનુ ઈનામ અને ટ્રોફી આપી સન્માનિત

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

Pidilite Roff TILE & STONE FIXING EXPERT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

# શહેરમાં આગામી ચોમાસાને પગલે ઠેર ઠેર ખોદકામના અંતે યોગ્ય પુરાણ કરવા આગોતરુ આયોજન અનિવાર્ય

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં વરસાદી ઝાપટા સાથે સેકટરોમાં ઠેર ઠેર કાદવ કિચ્ચડ અને માટી પોલાણની ફરિયાદો ઉઠવા પામી છે. આવા સંજોગોમાં પાણી ગટરની લાઈનને અનુલક્ષી ઠેર ઠેર ખોદકામ પણ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે ચોમાસાની જમાવટ પુર્વે સેકટરોમાં માટી પોલાણ કે ગાબડાની ભયજનક સ્થિતિ ન સર્જાય તે માટે યોગ્ય અભ્યાસ હાથ ધરીને પ્રિમોન્સુન કામગીરીના ભાગરૂપે યોગ્ય આયોજન કરવામાં આવે તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

ગાંધીનગર શહેરમાં પાણી ગટર લાઈન નવી નાંખવા માટે હાલ ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. હાલ શહેરના સે-૧૪ થી ૩૦ સેકટરોમાં નવી ગટર લાઈન નાંખવાનુ કામ પુરજોશમાં છે. જો કે લાંબા સમયની કામગીરીના અંતે પણ હજુ જોઈએ તેવી ઝડપ કામમાં આવી શકી નથી રૂટમાંથી પસાર થતી હયાત પાણી ગટરની લાઈન ઉપરાંત ગેસ તેમજ ઈન્ટરનેટના કેબલ વિજ લાઈન સહીતની યુટીલીટીઝના લીધે ખોદકામ કરવાનુ પણ મુશ્કેલ બને છે. જયારે બીજીતરફ કમોસમી વરસાદના લીધે તંત્ર માટે મોટો શિરદર્દ ઉભો થયો છે.

આવા સંજોગોમાં સેકટરોમાં જયાં પણ ગટર લાઈન નાંખવા માટે ખોદકામ કરવામાં આવ્યુ છે તેવા ઠેકાણે વરસાદી ઝાપટાના લીધે વારંવાર કાદવ કિચ્ચડની સ્થિતિ સર્જાય છે. જેના લીધે માટી પોલાણ અને કાદવની સ્થિતિને ડામવા માટે તંત્ર દ્વારા વેટમિકસ પાથરવા માટે પણ ટીમો કામે લગાડવમાં આવી છે. સેકટરોમાં ગટરની મોટાડાયામીટરની લાઈન નાંખવા સહીત પાણીની નવી લાઈન માટે પણ ઠેર ઠેર ખોદાણ કરવામાં આવ્યુ છે. આ સ્થિતિમાં હાલ વરસાદના ઝાપટમાં જ માટી પોલાણ અને કાદવના લીધે સ્થાનિકો તોબા પોકારી ગયા છે. ત્યારે ચોમાસુ પણ નજીકમાં છે ત્યારે આગામી દિવસોમાં સેકટરોમાં ઠેર ઠેર માટી પોલાણના લીધે ગાબડા અસ્તિત્વમાં આવશે તેવો ભય પણ સ્થાનિકોને સતાવી રહ્યો છે.

**પાણી ગટર લાઇનની કામગીરીના લીધે ઠેર ઠેર ખોદાણ કરાયુ છે ત્યારે નજીવા વરસાદમાં જ કાદવ કિચ્ચડની સ્થિતિ નિવારવા હાલ ટીમો કામે લાગી છે ત્યારે વરસાદી જમાવટ પુર્વે સેકટરોમાં સંભવિત જોખમી સ્થિતિ ડામવા પ્રિમોન્સુન કામગીરી જરૂરી**

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com